| GJMR040017062017 | | |
|---|---|---|
| દાખલ તારીખ | ૧૫/૧૨/૨૦૧૭ | |
| રજી. તારીખ | ૧૯/૧૨/૨૦૧૭ | |
| ફેસલ તારીખ | ૨૮/૦૪/૨૦૨૬ | |
| સમયગાળો | વર્ષ ૦૦ | માસ ૦૦ / દિવસ ૦૦ |

**વાંકાનેરના મહે. એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું. વાંકાનેર, જી. મોરબી.**

**ફો.કેસ.નં. ૧૩૭૯/૨૦૧૭**
**આંક–**

**ફરીયાદી:–** **શ્રી સરકાર**

**વિ રૂ ધ્ધ**

**આરોપી:–** **સુલતાનભાઈ હાસમભાઈ મેણુ**
જાતે:સંધી, ઉવ:૧૯,
રહે.ચંદ્રપુર નેશનલ હાઈવે,
અલંકાર હોટલના નાલા પાસે,
તા.વાંકાનેર, જી. મોરબી.

**ગુન્હો:** ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯, ૩૦૪(અ), અને એમ.વી. એકટ કલમ –૧૧૭, ૧૮૪,૩,(૧),૮૧ મુજબના ગુના સબબ...

---

સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એન.પટેલ
આરોપી તરફે વિ.વ.શ્રી એફ.એસ.ખોરજીયા

---

**:: ઠ રા વ ::**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત જોવામા આવે તો, તા.૦૩/૦૮/૨૦૧૭ ના બપોરાના સાડા ત્રણેક વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીના પિતા મરણજનાર

પોપટભાઇ અરજણભાઇ ચાવડા ઉ.વ–૬૨ વાળા પગે ચાલી જતા હતા ત્યારે પાછળથી આ કામના આરોપી પોતાના હવાલા વાળી બોલેરો નં.જી.જે.–૧૨.સી.ડી.–૬૯૬૬ ની પુર ઝડપે અને બેફીકરાઇથી રાજકોટ તરફના રોડ તરફ થી આવી આ કામેના મરણ જનારને હડફેટે લેતા પછડાઇ પડતા મરણજનારને શરીરે માથાના ભાગે તેમજ ડાબા પગના ભાગે ગંભીર પ્રકારની ઇજા થતા મરણ ગયેલ જે અંગેની ફરીયાદીએ ફરીયાદ વાંકાનેર સીટી પો.સ્ટે.એ પાર્ટ ગુ.ર.નં ૪૨/૧૭ ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯, ૩૦૪(અ), અને એમ.વી. એકટ કલમ –૧૧ ૭,૧૮૪,૩,(૧),૮૧ મુજબના ફરીયાદ દાખલ થયેલ અને તપાસના અંતે ચાર્જશીટ કરી ઈન્સાફી કાર્યવાહી માટે નામ. કોર્ટ સમક્ષ રજૂ કરેલ છે.

**૨.** આ કામમાં આરોપીને ધોરણસર સમન્સ બજી જતા તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલ છે અને તેમને પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આરોપીની પ્લી આંક – ૦૫ થી લેવામાં આવેલ જેમાં તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં, ફરીયાદપક્ષ પુરાવાની કાર્યવાહી આગળ ચલાવેલ છે.

**3.** આ કામે આરોપી વિરૂધ્ધનો ગુનો પૂરવાર કરવા માટે ફરિયાદપક્ષે નીચે મુજબના મૌખિક તથા લેખિત દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**–: મૌખિક પુરાવો:–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૨ | પંચ શામજીભાઇ મોતીભાઇ પરમાર ની જુબાની |
| ૨. | ૧૪ | પંચ કેશવજીભાઇ તેજાભાઇ ચાવડા ની જુબાની |
| ૩. | ૧૬ | પંચ રામજીભાઇ છનાભાઇ પરમાર ની જુબાની |
| ૪. | ૧૮ | અટક પંચ લાલાભાઇ અંબારામભાઇ પંડયા ની જુબાની |
| ૫. | ૨૩ | અટક પંચ દીપકભાઇ દીલીપભાઇ ખાંડેખા ની જુબાની |
| ૬. | ૨૫ | પંચ કોટક સાગર વીનોદભાઇ ની જુબાની |
| ૭. | ૩૫ | સાહેદ ઇકબાલભાઇ આમદભાઇ પરાસરા ની જુબાની |
| ૮. | ૩૬ | સાહેદ રામજીભાઇ છનાભાઇ પરમાર ની જુબાની |
| ૯. | ૩૮ | સાહેદ મહેન્દ્ર પરસોતમભાઇ ચાવડા ની જુબાની |

| | | |
|---|---|---|
| ૧૦. | ૩૯ | સાહેદ કુશભાઇ ગાંડુભાઇ ગોલતર ની જુબાની |
| ૧૧. | ૪૧ | સાહેદ ઝાકીરભાઇ મહમદભાઇ રાઠોડ ની જુબાની |
| ૧૨. | ૪૫ | ફરીયાદી અમીતભાઇ પોપટભાઇ ચાવડા ની જુબાની |
| ૧૩. | ૪૭ | સાહેદ ધર્મીષ્ઠાબેન અમીતભાઇ ચાવડા ની જુબાની |
| ૧૪. | ૪૯ | સાહેદ મયુરધ્વજસિંહ ધર્મેન્દ્રસિંહ ઝાલા ની જુબાની |
| ૧૫. | ૫૨ | ત.ક.અ.મનીષભાઇ દુદાભાઇ ચંન્દ્રાવાડીયા ની જુબાની |

**-: લેખિત પુરાવો:-**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૩ | ઇન્કવેસ્ટ પંચનામુ |
| ૨. | ૧૫ | સ્થાનિક જગ્યાનું પંચનામુ |
| ૩. | ૧૯ અને ૨૬ | અટક પંચનામુ |
| ૪. | ૪૬ | ફરીયાદ |
| ૫. | ૫૩ | સ્ટે. ડાયરી ઉતારો |
| ૬. | ૫૪ | ડેપ્યુટ હુકમ |
| ૭. | ૫૫ | ગુન્હા રીપોર્ટ |
| ૮. | ૫૬ | ડેપ્યુટ હુકમ |
| ૯. | ૫૭ | એકસીડેન્ટ રીપોર્ટ |
| ૧૦. | ૫૮ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૧૧. | ૫૯ | પી.એમ.નોટ |

**૪.** ત્યારબાદ આરોપીઓનું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો હોય વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ ફરીયાદ પક્ષના પુરાવનો ઈનકાર કરેલ છે અને નિર્દોષ હોવાનુ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે વિધ્વાન એપીપીશ્રી તેમજ આરોપીના વિધ્વાન વકીલશ્રીની દલીલો વિગતે સાંભળેલ છે.

**૫. <u>આ કામમાં અત્રે ની કોર્ટ ના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.</u>**

**-:: મુ દા ઓ ::-**

**મુદ્દા નં.૧** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પૂરવાર કરે છે કે, તા.૦૩/૦૮/૨૦૧૭ ના બપોરાના સાડા ત્રણેક વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીના પિતા મરણજનાર પોપટભાઈ અરજણભાઈ ચાવડા ઉ.વ-૬૨ વાળા પગે ચાલી જતા હતા ત્યારે પાછળથી આ કામના આરોપી પોતાના હવાલા વાળી બોલેરો નં.જી.જે.-૧૨.સી.ડી.-૬૯૬૬ ગાડી કાયદેસરના લાયસન્સ વગર પુરઝડપે અને બેફીકરાઈથી રાજકોટ તરફના રોડ તરફ થી આવી આ કામના મરણ જનારને હડફેટે લઈ મરણજનારને શરીરે માથાના ભાગે તેમજ ડાબા પગના ભાગે ગંભીર પ્રકારની ઈજા પહોચાડી મોત નિપજાવી ભારતીય દંડ સંહિતાની કલમ- ૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી. એકટ કલમ -૧૧૭,૧૮૪,૩,(૧),૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે ?

**મુદ્દા નં.૨** શું આખરી હુકમ ?

**૬. <u>ઉપરોકત મુદ્દાઓના અત્રેની કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.</u>**

**-:: નિ ર્ણ યો ::-**

**મુદ્દા નં.૧** નકારમાં.

**મુદ્દા નં.૨** આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**<u>મુદ્દા નંબર : ૧ અને ૨ અંગે :-</u>**

**૭.** ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શકપણે સાબિત કરવો જોઈએ તેવો ક્રીમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાત છે. નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના ચુકાદા રબિન્દ્રકુમાર દેય વિ. સ્ટેટ ઓફ ઓરીસ્સામાં ઠરાવેલ છે કે,

Three cardinal principles of criminal jurisprudence are well settled namely:

(1) that the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive and benefit from weakness or falsity of the defence version while proving its case;

(2) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and

(3) that the onus of the prosecution never shifts.

ઉપરોકત સ્થાપિત સિધ્ધાંતને નજર સમક્ષ રાખી આ કામમાં પડેલા પુરાવાની બચાવપક્ષે થયેલ દલીલોને ધ્યાને રાખી પુરાવાનુ મુલ્યાંકન કરેલ છે.

૮. ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે પંચસાહેદ નં.૦૧ શામજીભાઈ મોતીભાઈ પરમારનો આંક–૧૨ તથા સાહેદ નં.૨ પંચ કેશવજીભાઈ તેજાભાઈનો આંક:૧૪ તથા સાહેદ નં.૩ પંચ રામજીભાઈ છનાભાઈ પરમારનો આંક:૧૬ તથા પંચ સાહેદ નં.૪ લાલાભાઈ અંબારામભાઈ પંડયાનો આંક:૧૮ તથા પંચ સાહેદ નં.૫ દીપકભાઈ દીલીપભાઈ ખાંડેચા નો આં ક:૨૩ તથા પંચ સાહેદ નં.૬ કોટક સાગર વિનોદભાઈનો આંક:૨૫ નો મૌખીક પુરાવો જોતા તમામ પંચ સાહેદો પંચનામાની હકીકતોને સર્મથન કરેલ નથી.તેમજ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ હતાં અને ત્યારબાદ તેઓની વિસ્તૃત ઉલટતપાસ માં પુછી શકાય તેવા પશ્નો પુછેલ હોવા છતા પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.જેથી આંક– ૧૩ ,આંક:૧૫,આંક:૧૮ ,આંક:૨૬ ના પંચનામાની હકીકત પુરવાર થયેલ માની શકાય નહીં.

૯.ફરીયાદપક્ષે સાહેદ નં.૦૭ ઈકબાલભાઈ આમદભાઈ પરાસરા નો આંક–૩૫ નો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો તેમાં તેઓએ જણાવેલ છે કે, હુ સને ૨૦૧૭ની સાલમા નગરપાલીકામાં જે.સી.બી. ચલાવીને નોકરી કરતો હતો અને જે.સી.બી.થી સફાઈ કામદાર તરીકે નોકરી કરતો હતો. હુ સને ૨૦૧૭મા કોર્ટની સામે મારુ જે.સી.બી. લઈને સફાઈનુ કામ કરતો હતો તે વખતે બોલેરો ગાડી ફુલ સ્પીડમા આવતા એક કાકા ચાલતા જતા હોય, તેઓને ઉડાવીને બોલેરો ગાડી જતી રહેલી, જેથી આજુ બાજુના માણસો ભેગા થઈ ગયેલા અને હું ત્યા

મારુ જે.સી.બી. મુકીને ત્યા ગયેલો અને ત્યા ચાની હોટલ વાળાભાઈઓએ સદર ઈજા પામનારને વાંકાનેર સરકારી હોસ્પીટલમા સારવાર માટે મોકલી આપેલાનુ જણાવેલ છે.

સદરહુ સાહેદે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ સામયે હુ જે.સી.બી.થી કામ કરતો હતો તેથી મારુ ધ્યાન કામ કરવામાં હતુ. બોલેરો ગાડી કોણ ચલાવતુ હતુ તેની મને ખબર નથી.

**૧૦.** ફરીયાદપક્ષે સાહેદ નં.૦૮ રામજીભાઈ છનાભાઈ પરમાર નો આંક-૩૬ ના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તા.૦૩-૦૮-૨૦૧૭ ના રોજ હું મારા ઘરે હતો તે વખતે મને સામજીભાઈ ના દીકરા નરેશનો આશરે ૩-૩૦ થી ૩-૪૫ વાગ્યે ફોન આવેલ કે કોઠારીયા ગામના ચાવડા પોપટભાઈ અરજનભાઈ નુ એકસીડન્ટ વાંકાનેર કોર્ટ પાસે થયેલ છે અને વાંકાનેર સરકારી હોસ્પીટલમા સારવારે લઈ જતા મરણ ગયેલ હોવાનો ફોન આવેલો. હુ મારા ઘરેથી વાંકાનેર સરકારી હોસ્પીટલમા ગયેલ હતો ત્યા અમારા વાસના અને જ્ઞાતીના આગેવાનો આવી ગયેલ હતા અને પોપટભાઈને સારવારમાં લઈને આવેલ ઈકો કારવાળાની પાસેથી જાણવા મળેલ કે બપોરના આશરે ૩:૩૦ વાગ્યે મરણજનાર પોપટભાઈ વાંકાનેર કોર્ટ પાસે રોડ ઉપર ચાલીને જતા હતા તે દરમ્યાન અમરસર ફાટક તરફથી આવતી બોલેરો ગાડી નં. જી.જે-૧૨-સી.ડી.-૬૯૬૬ ની પુરઝડપે અને બેફીકરાઈથી આવી હડફેટે લેતા પછડાત પડતા માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થતા મરણગયેલ ની વાત કરેલ હતી.

આ સાહેદ ફરીયાદની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નહી હોવાથી વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે.તેમજ ફરીયાદ પક્ષે કોર્ટની પરવાનગી થી ઉલટ તપાસ કરેલ હોવા છતા ફરીયાદ પક્ષના કેશને સર્મથન કરેલ નથી.ક

સદરહુ સાહેદે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ સામયે હુ મારા ઘરે હતો. હુ બનાવ સ્થળે ગયેલો નથી. હુ બનાવ સ્થળે ગયેલો ન હોય તેથી કોની બેદરકારીથી અકસ્માત થયેલ હોય તે કહી શકુ નહી. મને અકસ્માત કરનાર વાહનનો નંબર ખબર નથી કે કોણ ચલાવતુ હોય તેની મને ખબર નથી.

**૧૧.** ફરીયાદપક્ષે સાહેદ નં.૦૯ મહેન્દ્ર પરસોતમભાઈ ચાવડા નો આંક-૩૮ ના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, હાલનો બનાવ તા.૦૩/૦૮/૨૦૧૭ ના રોજ બનેલો, મારા કૌટુંમ્બી કાકા પોપટભાઈ અરજણભાઈ ચાવડા જેઓ કોર્ટ માં આવેલા હતા. તે વખતે તેઓ કોર્ટ માંથી બહાર નીકળતા તેમને બોલેરો ગાડી નં. જી જે - ૧૨ સી વી ૬૯૬૬ નંબર ની ગાડીએ ટકકર

મારેલી. ત્યારબાદ તેઓને વાંકાનેર સરકારી હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા અને તેઓને મૃત જાહેર કરેલા. તે વખતે મારી પત્ની ત્યાં દવાખાને દાખલ હોય હોય જેથી હું ત્યાં ગયેલા તે વખતે જ્ઞાતિના આગેવાનો મારફતે આ બાબતની જાણ થયેલી. અને આ કામ ના ફરીયાદી એ મારા ઉપર શંકા કરેલ કારણે કે મારા મોટાભાઈ નું મર્ડર આ અમીતભાઈ ના ભાઈ મહેન્દ્રુભાઈ પોપટભાઈ ચાવડા તેમજ દિલીપ નાનજીભાઈ ચાવડાનાઓ એ કરેલ હતું જેનો ખાર રાખી મારા ઉપર શંકા કરેલી કે તમે અકસ્માત કરાવેલ છે. આ અકસ્માત કેવી રીતે થયેલો તેમજ ચાલક કોણ હતો તેની મને ખબર નથી.

સદરહુ સાહેદે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ મે નજરે જોયેલ નથી. બનાવ કઈ રીતે બનેલો તે હું કહી શકુ નહી. કોર્ટે ઘણા બધા માણસો આવતા જતા હોય તેથી માણસો તથા વાહનોની અવર જવર રહેતી હોય. મે બનાવ નજરે જોયેલ ન હોય તેથી અકસ્માત કરનાર વાહન કોણ ચલાવતુ હતુ તે કહી શકુ નહી.

**૧૨.** ફરીયાદપક્ષે સાહેદ નં.૧૦ કુશભાઈ ગાંડુભાઈ ગોલતર તથા સાહેદ નં.૧૧ ઝાકીરભાઈ મહમદભાઈ રાઠોડ નો આંક-૪૧ ના મૌખિક પુરાવો વંચાણે લીધો તેમાં તેઓએ ફરીયાદ મુજબની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નહી હોવાથી વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ અને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછેલ હોવા છતા ફરીયાદ પક્ષના કેશને સર્મથન કરેલ નથી.

**૧૩.** ફરીયાદપક્ષે સાહેદ નં.૧૨ અમીતભાઈ પોપટભાઈ ચાવડા નો આંક-૪૫ના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, બનાવ વર્ષ ૨૦૧૭ માં બનેલો તે વખતે હું અમદાવાદ હતો. મને મારા સગા નો ફોન આવતા બનાવ ની જાણ થયેલી. મારા પિતાજી કોર્ટ માંથી ચાલી ને બહાર નીકળેલ હતા અને કોર્ટ ની બહાર રોડ ઉપર પહોંચતા એક બોલેરો ગાડી અમરસર ફાટક તરફ થી આવેલી અને મારા પિતા ને અકસ્માત કરેલો. મારા પિતાને માથા માં ઈજા થયેલી હતી અને તેમાંથી લોહી નીકળતુ હતું. ત્યારબાદ મારા પિતા ને વાંકાનેર સરકારી દવાખાને લઈ ગયેલા હતા. અમો રાત્રે આઠ વાગ્યે દવાખાને પહોંચેલા. મારી સાથે મારા મમ્મી તથા મારી બહેનો હતી. બોલેરો ગાડીનો નંબર હાલ મને યાદ નથી. હું દવાખાને આવેલો ત્યારે મારા પિતાજી મરણ ગયેલ હતા. બોલેરો ગાડીનો ડ્રાઈવર બાજુના ગામ ચંદ્રપુરનો હતો તેનું નામ મને યાદ નથી. મારા ભાઈ સામે આઇ.પી.સી. ૩૦૨ નો કેસ દાખલ થયેલો હતો. મારા પિતા તેની ચાર્જશીટ ની નકલ લેવા આવેલ હતા અને અકસ્માત થયેલ હતો તેમજ આ બનાવ પાછળ મહેન્દ્રભાઈ

પરસોતમભાઈ ચાવડા સામે અમો ને શંકા છે. આ બાબતની મે ફરીયાદ આપેલ.જે આંક:૪૬ થી રજુ કરેલ છે.

સદરહુ સાહેદે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, હાલ નો બનાવ બનેલ તે વખતે હું અમદાવાદ મુકામે હતો. પોપટભાઈ મારા પિતાજી થાય છે. મને બનાવ બાબતે વરુણ ચાવડા ના મોબાઈલ ફોન ઉપર મોહનભાઈ ચાવડા નો ફોન આવેલ જેથી વરુણભાઈ ચાવડા મને ઘરે કહેવા આવેલા જેથી મને બનાવ ની જાણ થયેલી, હું અમદાવાદ થી સીધો હોસ્પીટલે ગયેલો. બનાવ બાદ હું બનાવ સ્થળે આવેલો. બનાવ સ્થળે તે જ દિવસે રાત્રીના આશરે નવ દસ વાગ્યે આવેલ હતા. બનાવ બન્યો તેના બીજા દિવસે ફરી થી આવેલ હતા. બનાવ સ્થળે કોઈ વ્યકિત હાજર ન હતી. કોર્ટ ની બહાર રોડ ઉપર બનાવ બનેલો છે. કોર્ટ માં પક્ષકારો તથા વકીલોની અવર જવર હોય છે. કોર્ટ ની બહાર મેઈન રોડ આવેલ હોય કોર્ટ ની બહાર વાહનો ની સતત અવર જવર રહે છે. બોલેરો કોણ ચલાવતો હતો તેની મને ખબર નથી. હું બનાવ સ્થળે હાજર ન હોય જેથી બનાવ કોની બેદરકારી થી બનેલો તે હું કહી શકુ નહી. બનાવ સ્થળે હું હાજર ન હોય જેથી બોલેરો ની સ્પીડ કેટલી હોય તે હું કહી શકુ નહી.

**૧૪ .**ફરીયાદપક્ષે સાહેદ નં.૧૩ ધર્મીષ્ઠાબેન અમીતભાઈ ચાવડા નો આંક–૪૭ ના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, બનાવ વર્ષ ૨૦૧૭ માં બનેલો તે વખતે હું અમદાવાદ હતો. અમારા સગા નો ફોન મારા પતિ ઉપર આવેલો અને બનાવ ની જાણ થયેલી. તે વખતે મારા પતિ તથા મારા સાસુ તથા મારી નણદ વાંકાનેર આવવા નીકળેલા. તે વખતે મારી બેબી નાની હોવાથી હું આવેલી નહી. મને વાતો વાતો થી જાણવા મળેલ કે મારા સસરા મરણ ગયેલ છે. જેથી હું મારા પિયર જતી રહેલી. મને વાતો વાતો થી જાણવા મળેલ કે મારા સસરાને બોલેરો ગાડીએ ઠોકર મારેલી છે. આ બાબતની ફરીયાદ મારા પતિએ આપેલાનુ જણાવેલ છે.

સદરહુ સાહેદે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ બનેલ તે વખતે હું અમદાવાદ ખાતે મારા ઘરે હતી. બનાવ બાદ હું બનાવ સ્થળે ગયેલી નથી. અમીતભાઈ મારા પતિ થાય છે.

**૧૫.** ફરીયાદપક્ષે સાહેદ નં.૧૪ મયુરધ્વજસિંહ ધર્મેન્દ્રસિંહ ઝાલા નો આંક–૪૯ ના મૌખિક પુરાવામાં ફરીયાદ પક્ષના કેશને સર્મથન કરેલ ન હોય તેઓના પુરાવાની ચર્ચા કરેલ નથી.

**૧૬.**ફરીયાદપક્ષે સાહેદ નં.પર મનીષભાઇ દુદાભાઇ ચંન્દ્રાવાડીયા નો આંક–પર ના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, હુ સને ૨૦૧૭ ની સાલમા વાંકાનેર સીટી પો.સ્ટે. પી.આઇ. તરીકે ખાતે મારી ફરજ ઉપર હાજર હતો તે વખતે વાંકાનેર સીવીલ હોસ્પીટલ માંથી ડો.ભીમાણી સાહેબ ના ઓ એ ટેલીફોનીક વરધી થી જણાવેલ કે પોપટભાઇ અરજણભાઇ ચાવડા રહે.વાંકાનેર વાળાઓને અકસ્માતમાં ઈજા થયેલ હોય સારવાર માટે લાવેલ છે જે બાબતની નોંધ પી.એસ.ઓ. એ. ટેલીફોનીક વર્ધીની નોંધ સ્ટે. ડાયરીમા કરી જે રજીસ્ટર નો ઉતારો આજ રોજ રજુ કરુ છુ. ત્યારબાદ આગળની તપાસ ડેપ્યુટ હુકમથી અમારા સાથી કર્મચારી વી.બી.ઝાલાનાઓને સોપેલી. ત્યારબાદ તેઓ વાંકાનેર સીવીલ હોસ્પીટલમા ગયેલા અને અમોને બનાવ બાબતેની જાણ કરેલી જેથી અમો વાંકાનેર સીવીલ હોસ્પીટલમા ગયેલા ત્યા અકસ્માતમા ઈજા પામનાર માણસ મરણ ગયેલ હોય તેમના સગાએ ફરીયાદ લખાવેલી. ત્યારબાદ પો.સ્ટે. આવી સદર ફરીયાદ પી.એસ.ઓ.ને ગુના રીપોર્ટ સાથે આપેલી. ત્યારબાદ પી.એસ.ઓ. એ વાંકાનેર સીટી પો.સ્ટે. ગુન્હા રજીસ્ટર નં.– ફર્સ્ટ ૪૨/૨૦૧૭ આઇ.પી.સી. ની કલમ ૨૭૯,૩૦૪(અ) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબનો ગુન્હો રજીસ્ટર કરી આગળની તપાસ અમોને ડેપ્યુટ હુકમ થી સોંપેલી. તપાસ ના કામે અમો એ સ્થાનિક જગ્યા નું પંચનામુ કરેલુ. જેમાં બે પંચો ની તેમજ રૂબરૂ તરીકે મારી સહી છે. ત્યારબાદ આ કામે લાગતા વડગતા સાહેદોના નિવેદન લીધેલા. ત્યારબાદ સદર મહેન્દ્રા બોલેરો જેનો રજી. નં. જી.જે.૧૨ સીડી.૬૯૬૬ નુ એકસીડન્ટ રીપોર્ટ મેળવેલો. તેમજ મરણજનારનુ ઇન્કવેસ્ટ પંચનામુ કરેલુ. તેમા વી.બી.ઝાલાની સહી છે જે ઓળખી બતાવુ છુ. ત્યારબાદ બનાવવાળી જગ્યાનો સ્થળપરીક્ષણ અહેવાલ માટે સાઇન્ટીફીક ઓફીસર વી.બી.ઝાંપડીયા સાહેબે સ્થળ ઉપર અહેવાલ તૈયાર કરેલો. તેમજ મરણજનારની પી.એમ. નોટ મેળવી કામમા સામેલ રાખેલી. અકસ્માતમાં ઉપયોગમા લીધેલ બોલેરો ગાડીની આર.સી.બુક તપાસ ના કામે કબજે કરેલી. તેમજ મે સદરહુ કામમા આરોપી તેમજ બોલેરો ગાડી કબ્જે કરેલી જેનુ અટક પંચનામુ આ કામે રજુ છે જેમા ૨ પંચોની તેમજ રૂબરૂ તરીકે મારી સહી છે. આમ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય અને સદર તપાસ ચાલુ હોય તે દરમ્યાન મારી બદલી થતા મે એચ.એમ. રાઠોડ સાહેબને તપાસ સોપેલી અને તેઓએ આ ગુન્હાનું ચાર્જશીટ કરેલાનુ જણાવેલ છે.

સદરહુ સાહેદે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, ફરીયાદ માં આરોપી નું નામ જણાવેલ નથી. અકસ્માત વાળી જગ્યા જાહેર રસ્તો છે. જાહેર રસ્તો હોય જેથી ત્યાં ઘણા બધા વાહનો અવર જવર કરતા હોય.

**૨૧. <u>પુરાવાનું મુલ્યાંકન</u>**

ફરીયાદપક્ષે રજુ કરેલ ઉપરોકત પુરાવાનું મુલ્યાંકન કરતા, આ કામના ફરીયાદીના પિતા મરણજનાર પોપટભાઇ અરજણભાઇ ચાવડા વાળા પગે ચાલી જતા હતા ત્યારે પાછળથી બોલેરો નં.જી.જે.–૧૨.સી.ડી.–૬૯૬૬ ની પુર જડપે અને બેફીકરાઇથી રાજકોટ તરફના રોડ તરફ થી આવી આ કામેના મરણ જનારને હડફેટે લેતા પછડાઇ પડતા મરણજનારને શરીરે માથાના ભાગે તેમજ ડાબા પગના ભાગે ગંભીર પ્રકારની ઈજા થતા મરણ ગયેલાની ફરીયાદ દાખલ થતા તપાસના અંતે ચાર્જસીટ થયેલ છે.ફરીયાદ પક્ષના તમામ સાહેદોનો પુરાવો જોતા બનાવ વાંકાનેર કોર્ટમાં આવેલ હોય અને કોર્ટની બહાર ચાલીને બહાર નીકળતા અમરસર ફાટક તરફથી એક બોલેરો ગાડી આવેલ અને અસ્માત કરેલાનુ જણાવેલ છે.જેથી બનાવ બનેલાનુ અને બનાવમાં ફરીયાદીના પિતા મરણ ગયેલાનુ ફરીયાદ પક્ષના મૌખીક તથા આંક:૫૯ ના પી.એમ.નોટ આધારે પુરવાર થાય છે.ફરીયાદ પક્ષના પુરાવામાં તમામ સાહેદોએ હાલના આરોપી વાહન ચલાવતા હતા અને હાલના આરોપીએ પોતાના કબજાનુ વાહન બેદરકારી અને પુડઝપડપે હંકારી અકસ્માત કરેલ હોય તેવો લેશ માત્ર પુરાવો રજુ કરેલ નથી.તેમજ કયા વાહનના નંબર થી અસ્માત થયેલ તે પણ જણાવેલ નથી. ના.સુપ્રિમ કોર્ટના ચુકાદા બાલા ચંદ્રા વી.સ્ટેટ ઓફ મહારાષ્ટ,એ.આઈ.આર.૧૯૬૮એસસી ૧૩૧૯ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, "Criminal negligence is the gross and culpable neglect or failure to exercise that reasonable and proper care and precautions to guard against any injury either to the public generally or to an individual in particular, which having regard to all the circumstances out of which the consequences has arisen, it was the imperative duty of the accused person to have adopted".

ઉપરોકત પ્રસ્થાપિત સીધ્ધાંત જોતા માત્ર ફરીયાદ પક્ષે વાહન ચાલકે યોગ્ય દરકાર લીધેલ નથી તથા બેદરકારીથી વાહન હંકારેલ હોવાનુ પુરવાર કરવુ પડે. હાલના કેસમાં ફરીયાદ પક્ષના તમામ સાહેદોના પુરાવામાં બનાવ બનેલાનુ ફલીત થાય છે પરંતુ હાલના આરોપીએ પોતાના કબજાનુ વાહન બેદરકારી તથા ગફતભરી રીતે હંકારી અકસ્માત કરી મોત નિપજાવેલ હોય કે આરોપી બનાવ સમયે કાયદેસરના લાયસન્સ વગર વાહન હંકારેલ હતુ તેવુ પુરવાર કરેલ નથી.ક્રિમીનલ કાર્યવાહીમાં ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેશ નિ:શં

કપણે પુરવાર કરવાનો હોય છે. જેથી ફરીયાદ પક્ષે આરોપી સામેનો આક્ષેપ પુરવાર કરેલ ન હોય ફરીયાદ પક્ષની દલીલોનો અસ્વીકાર કરી બચાવ પક્ષની દલીલોનો સ્વીકાર કરુ છુ અને મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં. ૨ નો આખરી હુકમ નીચે મુજબ કરવામા આવે છે.

## <u>–:: હુકમ ::–</u>

**(૧)**આરોપી **સુલતાનભાઈ હાસમભાઈ મેણુ,**ઉવ:૧૯, રહે.ચંદ્રપુર નેશનલ હાઈવે, અલંકાર હોટલના નાલા પાસે,તા.વાંકાનેર, જી. મોરબી. નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯, ૩૦૪(અ), અને એમ.વી. એકટ કલમ –૧૧૭,૧૮૪,૩,(૧),૮૧ મુજબના ગુના અન્વયે સજાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)**ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ: ૪૩૭ (એ) અન્વયે આરોપીએ રૂપીયા ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકાં આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** મુદામાલ વાહન અંગે જો વચ્ચગાળાનો હુકમ કરવામાં આવ્યો હોય તો તે કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે. મુદામાલ વાહન માલીકીની ખરાઈ કરી મુળ માલીકને પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૨૮ **માહે :** એપ્રિલ, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૮/૦૪/૨૦૨૬
મુ.વાંકાનેર

**(વિરેન્દ્રસિહ શનાભાઈ ઠાકોર)**
એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
વાંકાનેર
કોડ નં. જી.જે.૦૧૨૨૪